# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં.

તા: ૧૯/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# બાંગ્લાદેશનું ડેલીગેશન ચેમ્બરની મુલાકાતે

સુરત. બાંગ્લાદેશ ડેપ્યુટી હાઇ કમિશનર, મુંબઇના ડેપ્યુટી હાઇ કમિશનર મિસ્ટર મોહંમદ લુતફોર રહેમાન સહિતના બાંગ્લાદેશના ડેલીગેશને આજ રોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીને મુલાકાત લીધી હતી. આ મિટિંગમાં કોવિડ– ૧૯ની પરિસ્થિતિ બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ફરીથી વ્યાપારિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયાએ સર્વેને આવકારી જણાવ્યું હતું કે, ભારત અને બાંગ્લાદેશનો ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી સાથે વ્યાપારિક સંબંધો ઘણા મજબૂત છે. બાંગ્લાદેશના ઘણા વતનીઓ સુરતમાં જ્વેલરી સેકટરમાં પણ કામ કરે છે ત્યારે આપની આજની મુલાકાતથી કોવિડ– ૧૯ બાદ વ્યાપારિક સંબંધોમાં વધુ સુધારો થશે.

બાંગ્લાદેશ ડેપ્યુટી હાઇ કમિશનર મિસ્ટર મોહંમદ લુતફોર રહેમાને જણાવ્યું હતું કે, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ઐતિહાસિક સંબંધો રહયાં છે. બંને દેશો વચ્ચે બિઝનેસ કોમ્યુનિટી માટે સતત કોલાબરેશન થતું રહે છે. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી માટે ઢાકા ખાતે ઘણા એકઝીબીશન્સ થતા હોય છે અને તેમાં સુરતથી ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોનું ડેલીગેશન જોડાતું હોય છે. બાંગ્લાદેશમાં કાપડ ઉદ્યોગ માટે વ્યાપારની ઘણી તકો ઉપલબ્ધ છે. આથી ભારતની કંપનીઓ જેમાં પણ ખાસ કરીને સુરતના ઉદ્યોગકારોને બાંગ્લાદેશમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપીએ છે.

ચેમ્બરની ટેક્ષ્ટાઇલ કમિટીના ચેરમેન આશિષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ભારતમાં બાંગ્લાદેશથી ૦ ટકા ઉપર ગારમેન્ટ આવતું હોય છે. પરંતુ હાલમાં ભારતથી એક્ષ્પોર્ટ થતા ફેબ્રિક ઉપર ૩૦૦ ટકા ડયુટી લાગે છે. દક્ષિણ

ગુજરાત નીટેડ ફેબ્રિક અને મેનમેઇડ ફાયબરનું મોટું હબ છે ત્યારે નીટેડ ફેબ્રિક, મેનમેઇડ ફાયબર ફેબ્રિક અને યાર્ન પર સાડા સાતથી દસ ટકા સુધી ડયુટી લાગે હોય તો બંને દેશો વચ્ચે વ્યાપાર વધી શકે છે. આથી સુરતથી એક્ષ્પોર્ટ થતા ફેબ્રિક ઉપર બાંગ્લાદેશે ડયુટીમાં ઘટાડો કરવો જોઇએ. તેમણે વધુમાં કહયું કે, બાંગ્લાદેશમાં રહેતા મિડલ કલાસ અને લોઅર મિડલ કલાસ નાગરિકોના કપડાં જેવાં કે લહેંગા, ઘાઘરા–ચોલી અને સાડી ઉપર પણ સાડા સાતથી દસ ટકાની કસ્ટમ ડયુટી હોય તો ત્યાંના નાગરિકોને પણ લાભ થાય તેમ છે.

આ મિટિંગમાં બાંગ્લાદેશમાં સિવિલ એવીએશન, ટુરીઝમ અને આઇટી એન્ડ ટેલી કોમ્યુનિકેશન ક્ષેત્રમાં રહેલી તકો વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય નિખિલ મદ્રાસીએ મિટિંગનું સંચાલન કર્યું હતું.